For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ત્રીજો સુંવાલી બીચ ફેસ્ટિવલ નવા વર્ષે 9થી 11 જાન્યુઆરીએ યોજાશે

સુંવાલીનો સમુદ્ર સહેલાણીઓ માટે સજ્જ

ત્રણ દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ખાણી પીણી, મોજમસ્તી અને સાહસનો સંગમ

સુરતઃ સુરત જિલ્લાના હજીરાના સુવાલી બીચ પર આગામી 9થી 11 જાન્યુઆરી દરમિયાન ત્રીજો સુવાલી બીચ ફેસ્ટિવલ યોજાશે. પ્રવાસનને પ્રોત્સાહન આપવા અને સહેલાણીઓને નવી અનુભૂતિ આપવા માટે આયોજિત આ ફેસ્ટિવલને લઈને ગુજરાત પ્રવાસન નિગમ અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

ચોર્યાસી વિધાનસભા બેઠકના ધારાસભ્ય સંદિપ દેસાઈએ 84 દેશોના વાવટા જ્યાં ફરકતા હતા એ સુવાલી બીચને પ્રવાસનથી ધમધમતો કરવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા પ્રયાસો કર્યા હતા.એને લીધે ફરી ત્રીજી વાર 9 મી જાન્યુઆરીને શુક્રવાર સાંજે 5 વાગ્યે બીચ ફેસ્ટિવલ ખૂલ્લો મૂકાશે. ત્રણ દિવસ ચાલનારા આ ઉત્સવમાં ગુજરાતના નામાંકિત કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જે દર્શકોને લોકસંગીત અને પરંપરાગત કલાઓની ઝલક આપશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનસેરિયા, રમત-ગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી ડો. જયરામ ગામીત, ચોર્યાસી ધારાસભ્ય સંદિપ દેસાઈ ઉપરાંત સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

સુંવાલી બીચ ફેસ્ટિવલમાં ફૂડકોર્ટ, હસ્તકલા ક્રાફ્ટ સ્ટોલના 125 સ્ટોલ લાગશે

- સેલ્ફી પોઈન્ટ્સ, વિવિધ રમતો તેમજ સાહસિક પ્રવૃત્તિઓ સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર રહેશે.
- ઊંટ સફારી અને ઘોડા સવારી, ટાયર ક્લાઈમ્બિંગ જેવી પ્રવૃત્તિઓ પણ ઉપલબ્ધ રહેશે
- દરિયાકિનારે આવનારા સહેલાણીઓ માટે વિશાળ પાર્કિંગની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે.
- સુવાલી સુધીના માર્ગ પર સોલાર લાઇટ્સ લગાવવામાં આવી છે
- સહેલાણીઓની સુવિધા માટે પૂરતી સંખ્યામાં શૌચાલયોની વ્યવસ્થા કરાઈ છે.

સહેલાણીઓને સિટી બસની સુવિધા મળશે: સંદીપ દેસાઈ

ધારાસભ્ય સંદીપ દેસાઈ એ જણાવ્યું હતું કે,છેલ્લા બે સુવાલી બીચ ફેસ્ટિવલને સુરતીઓ અને દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓ દ્વારા જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો.એને પગલે સત્તત ત્રીજી વાર પ્રવાસન વિભાગ સુરતમાં આ આયોજન કરવા જઇ રહ્યું છે.સુવાલી બીચ સુધી પહોંચવા માટે શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી સિટી બસ દોડાવાશે. પાલિકા દ્વારા ચોક્કસ સ્થળોએ રાઉન્ડ ધ ક્લોક બસ દોડાવાશે. સહેલાણીઓની સુવિધા માટે શૌચાલય, વિશાળ પાર્કિંગ અને દરિયા કિનારે જવા માટે ત્રણ રેમ્પ બનાવવામા આવ્યા છે. આ વર્ષે ટ્રાફિક

...અનુસંધાન પાના 9 પર

શહેરમાં દારૂના અડ્ડાઓ ચાલુ છે કે નહીં, તે બે નંબરની વાત... પણ

ખબરદાર, જો કોઈએ પીધું છે, તો અનહેપ્પી ન્યૂ યર



31મીની રાતે સુરત બનશે પોલીસ છાવણી, 7 હજાર જવાનો, AI કેમેરા-ડ્રોનથી શહેર પર કડક નજર

નશો, સ્ટંટબાજી અને અસામાજિક તત્ત્વો સામે 'ઝીરો ટોલરન્સ'; 7 દિવસમાં 1100થી વધુ દારૂબંધીના કેસ કર્યા

સુરતઃ નવા વર્ષની ઉજવણીને લઈને સુરત શહેર જ્યાં એક તરફ ઉત્સાહથી ઝળહળી રહ્યું છે, ત્યાં બીજી તરફ કોઈ અપ્રિય બનાવ ન બને તે માટે સુરત પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ થયું છે. 31મી ડિસેમ્બરની રાત્રે સમગ્ર શહેર પોલીસના કડક કવચ હેઠળ રહેશે. આધુનિક ટેકનોલોજી, માનવ ઇન્ટેલિજન્સ અને આગોતરી કાર્યવાહીથી સુરત પોલીસે નવા વર્ષની રાતને શાંતિપૂર્ણ બનાવવા વિશાળ આયોજન કર્યું છે.

વર્ષ 2025ના અંતિમ પડાવે સુરત પોલીસ વિભાગે સુરતીઓને સુરક્ષિત નવા વર્ષની ભેટ આપવા કમર કસી છે. પોલીસ કમિશનર

...અનુસંધાન પાના 9 પર

382 પૈકી 190 બ્રેથ એનાલાઈઝર દૂરથી જ નશાને ઓળખી કાઢશે, જરૂર પડ્યે સ્થળ પર જ યુરિન ટેસ્ટ કરાશે

નશો કરીને વાહન ચલાવનારાઓ સામે પોલીસની કડક ચેતવણી છે. 382 બ્રેથ એનાલાઈઝરમાંથી 190 લાઇટ બેઝ ટેક્નોલોજી ધરાવે છે, જે દૂરથી જ નશાની ઓળખ કરે છે. સાથે સાથે એન્ટી નાર્કોટિક્સ કિટ દ્વારા અન્ય કેફી પદાર્થોની તપાસ થશે. શંકાસ્પદ જણાય તો સ્થળ પર જ યુરિન ટેસ્ટ લેવામાં આવશે.

AI અને ડ્રોનથી 'ડિજિટલ ચોકી'

સુરત પોલીસ આ વર્ષે ડિજિટલ સર્વેલન્સ પર વિશેષ ભાર મૂકી રહી છે. શહેરમાં 50થી વધુ AI આધારિત કેમેરા ઓવરસ્પીડ, ટ્રાફિક ભંગ અને શંકાસ્પદ હરકતો પર આપોઆપ એલર્ટ આપશે. 20 હાઈ-ડેફિનેશન ડ્રોન આકાશમાંથી પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસ પર

...અનુસંધાન પાના 9 પર

દારૂબંધીમાં પોલીસનું પ્રી-એક્શન

31મીની રાત પહેલાં જ સુરત પોલીસે અસામાજિક તત્વો સામે પ્રહાર શરૂ કર્યો છે. છેલ્લા 7 દિવસમાં DCB, SOG અને સ્થાનિક પોલીસ દ્વારા 1100થી વધુ પ્રોહિબિશન કેસ નોંધાવાયા છે. શહેરની શાંતિ ભંગ કરે તેવા 55 રીઢા ગુનેગારોને PASA હેઠળ જેલભેગા કરવામાં આવ્યા છે.

મહિલાઓ માટે 'શી ટીમ' શિલ્ડ

નવા વર્ષની ઉજવણી દરમિયાન મહિલાઓની સુરક્ષા માટે 'શી ટીમ' સાદા કપડામાં ભીડમાં ફરજ બજાવશે. છેડતી કે પજવણીની ફરિયાદ પર તાત્કાલિક કાર્યવાહી કરવા કમિશનરે સ્પષ્ટ આદેશ આપ્યા છે.

શહેરના 12 એન્ટ્રી-એક્ઝિટ ગેટ પર ચેકિંગ પોઈન્ટ

સુરતના તમામ મુખ્ય પ્રવેશ અને નિકાસ માર્ગો પર 12 ચેકિંગ પોઈન્ટ ઉભા કરાયા છે. 45 ભીડવાળા વિસ્તારોમાં ખાસ ટ્રાફિક બંદોબસ્ત રહેશે. ઓવરસ્પીડ અને સ્ટંટબાજી અટકાવવા કેટલાક રોડ ડાયવર્ઝન અને પ્રતિબંધિત ઝોન જાહેર કરાયા છે.

900 પોલીસકર્મી બોડી વોર્ન કેમેરા સાથે ફરજ બજાવશે

900 પોલીસકર્મી બોડી વોર્ન કેમેરા સાથે ફરજ પર રહેશે. પોલીસ-પ્રજા વચ્ચે કોઈ વિવાદ થાય તો આ કેમેરાના ફૂટેજને પુરાવા તરીકે માન્ય રાખવામાં આવશે. તમામ કેમેરાનું લાઈવ ફીડ કંટ્રોલ રૂમમાં મોનિટર થશે.

૨૦૨૨માં અનંતભાઈ પટેલ ભાજપમાં જોડાવા તૈયાર હતાનો જીતુભાઈ ચૌધરીનો આક્ષેપ

વાપીમાં કોંગ્રેસના ધારાસભ્ય અનંતભાઇ પટેલે આપ તેમજ ભાજપમાં ગાબડું પાડશે તેવો દાવો કર્યો

વાપી : વાપીમાં ડીસેમ્બરની ઠંડીમાં કોંગ્રેસના ધારાસભ્યએ મીડિયા સામે એવી વાત કરી કરી કે રાજકારણમાં ગરમાટો વ્યાપી ગયો. બે આદિવાસી ધારાસભ્યોની વાતથી દક્ષિણ ગુજરાતમાં ઠંડી ઉડી જાય તેવો ગરમાટો વ્યાપી ગયો છે.

વાપીમાં સોમવારે વાંસદાના કોંગ્રેસના ધારાસભ્ય અનંતભાઈ પટેલે એવો દાવો કર્યો હતો કે આદિવાસી વિસ્તારમાં આપ તેમજ ભાજપમાં કોંગ્રેસ મોટુ ગાબળું પાડશે. મીડિયા સાથેની વાતચીતમાં અનંતભાઈએ કહ્યું કે ચૂંટણી લડી ચૂકેલા આદિવાસી વિસ્તારના આપના નેતાઓ તેમજ કપરાડાના ભાજપના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી કોંગ્રેસમાં જોડાવાની સંભાવના છે. તેમણે કહ્યું હતું કે અમે મંગળભાઈને લાવીને ભાજપમાં ગાબળું પાડી દીધું છે. હવે જીતુભાઈ કોંગ્રેસમાં આવશે. જોકે તરત જ ભાજપના કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ આ વાતને રદીયો આપ્યો હતો. તેમણે ભાજપ કાયમ છુંની વાત કરી હતી. સાથે તેમણે કહ્યું કે સૌથી પહેલા તો અનંતભાઈને એ સવાલ પૂછો કે તમને કોણે કહ્યું અને કયા સમયે કહ્યું ? જીતુભાઈએ એવો આક્ષેપ કર્યો કે ખુદ અનંતભાઈ ૨૦૨૨ પહેલાં ભાજપમાં આવવા તૈયાર હતા. એ ભાજપમાં આવવા ઉતાવળા બન્યા હતા. જીતુભાઈએ કહ્યું કે, ડૂબતી નૈયામાં કોણ જશે? હું ભાજપમાં છું અને કાયમ રહીશ. આમ બે આદિવાસી ધારાસભ્યો એકમેક ઉપર આક્ષેપ કરતા આદિવાસી પટ્ટી ઉપર રાજકારણ ગરમાયું છે.

સુરતમાં જોવા મળ્યો તેલંગણા-આંધ્રનો રંગ

■ સુરતમાં તમામ રાજ્યના લોકો વસતા હોવાથી તેને મિનીભારત તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં પંજાબની લોહડી, રાજસ્થાનનો ગણગૌર અને બિહારની છઠપૂજા તો જોવા મળે જ છે. પરંતુ હવે દક્ષિણ ભારતના તેલુગુ લોકોનો રંગ પણ જોવા મળી રહ્યો છે. સુરતના ગોડાદરા વિસ્તારમાં શ્રી તેલુગુ ધર્મસંસ્થા સેવા સમિતી અયપ્પા મહા પાડીપૂજા જોવા મળી હતી. **(તસવીર : હેમંત ડેરે)**

અલથાણના મેડિકલ સ્ટોર્સમાંથી તસ્કરો આઈસક્રીમ પણ ચોરી ગયા

40 મિનિટ શટર તોડવા મહેનત કરી ને 5 મિનિટમાં 50 હજારની રોકડ સહિતની ચોરીનો ખેલ પૂરો કર્યો

સુરતઃ સુરતના પોશ ગણાતા અલથાણ વિસ્તારમાં વહેલી સવારે અંધારામાં તસ્કરોએ એક નવા ખુલેલા મેડિકલ સ્ટોરને નિશાન બનાવી 50 હજારની રોકડ અને મોબાઈલ ફોન સાથે ફ્રીઝમાં રાખેલી 6 ચોકોબાર આઈસ્ક્રીમની પણ ચોરી કરી હતી.

અલથાણના 'મહાવીર હાઈટ્સ'માં સ્થિત 'હરિઓમ મેડિકલ એન્ડ કેર ફાર્મસી'માં બનેલી આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. ફૂટેજ મુજબ, વહેલી સવારે 4:03થી 4:45 વાગ્યાની વચ્ચે ત્રણ અજાણ્યા શખ્સોએ આ ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરોએ આશરે 40 મિનિટ સુધી મથામણ કરી લોખંડના સળિયા વડે શટર તોડ્યું હતું, પરંતુ અંદર પ્રવેશ્યા બાદ માત્ર 5 મિનિટમાં જ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. તસ્કરોની મોડસ ઓપરેન્ડી પરથી જણાય છે કે તેઓ અગાઉથી રેકી કરીને આવ્યા હતા. બે શખ્સો અંદર જઈ કેશ કાઉન્ટર સાફ કરી રહ્યા હતા, જ્યારે ત્રીજો સાગરીત બહાર પહેરો ભરી રહ્યો હતો.

મેડિકલ સ્ટોરના સંચાલિકા જયાબેન દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ સ્ટોર માત્ર એક મહિના પહેલા જ શરૂ કરાયો હતો. આખો દિવસ મહેનત કરીને મેળવેલી કમાણી અને અન્ય સામાન તસ્કરો લઈ ગયા છે. આ ઘટનામાં આઈસ્ક્રીમની ચોરીએ સૌને ચોંકાવી દીધા છે. સવારે ફાર્માસિસ્ટના આવતા ચોરીની જાણ થઈ હતી અને તાત્કાલિક પોલીસને જાણ કરાઈ હતી. હાલ અલથાણ પોલીસે સીસીટીવીના આધારે તપાસ તેજ કરી છે.

પકડાયેલું દંપતી સુરતના સામાન્ય પરિવારનું

દુબઈની ફ્લાઈટમાં મહિલા પાસે 1.20 કરોડના ડોલર પકડાયા

સુરત DRIએ મહિલાની પૂછપરછ કરતાં 1,34,100 ડોલર દુબઇ પહોંચાડવામાં પતિ પણ સામેલ

સુરતઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) ના સુરત સબ રિજનલ યુનિટ સુરતને મળેલી બાતમીના આધારે શનિવારે ઇન્ડિગો એરલાઈનની સુરત દુબઈ ફ્લાઈટ (6E1507) માં દુબઇ જઈ રહેલી મહિલા પેસેન્જરની ઝડતી લેવામાં આવતા કુલ 1,34,100 અમેરિકન ડોલરનો જથ્થો ઝડપાયો છે. ભારતીય ચલણમાં એનું મૂલ્ય 1,20,08,655 (1.20 કરોડ) જેટલું થાય છે.

DRI સુરત સબ ઝોનલ યુનિટના સૂત્રોએ જણાવ્યું હતું કે, ચોક્કસ બાતમીના આધારે, સુરતના ડીઆરઆઈના અધિકારીઓએ ઇન્ડિગો ફ્લાઇટ નં. 6E૧૫૦૭ દ્વારા સુરતથી દુબઈ જવાનો પ્રયાસ કરતી એક મહિલા મુસાફરને અટકાવી હતી.

મુસાફરીનો સામનો ચેક કરવામાં

...અનુસંધાન પાના 9 પર

દમણમાં 31st ની ઉજવણી કરનાર માટે રહેવાની સુવિધા ઊભી કરાશે

દારૂ પીધેલી હાલતમાં બોર્ડર પર તૈનાત ગુજરાત પોલીસની ઝપટે પ્રવાસીઓ ન ચઢે તે માટે સાંસદ કોળી પટેલ સમાજના હોલમાં વ્યવસ્થા કરશે

ગુજરાત પોલીસ ફક્ત દારૂબંધીની કડક અમલવારી થતી હોવાનું દર્શાવવા કરે છે કાર્યવાહી

આ અંગે દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે ગુજરાત પોલીસ સામે આંગળી ચિંધી આક્ષેપ લગાવતા જણાવ્યું કે, આખું વર્ષ ગુજરાત પોલીસ દારૂબંધીની અમલવારી કરવામાં ઊણી ઉતરતી હોય છે. ત્યારે ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવા આવતા પર્યટકોને આ દિવસે ખોટી રીતે હેરાન કરી કેસ દાખલ કરી જેલના સળિયા પાછળ ધકેલી દેતા હોય છે. એ જોતા ગુજરાત પોલીસ ફક્ત દારૂબંધીની કડક અમલવારી થતી હોવાનું દર્શાવવા આ કાર્યવાહી કરે છે. પર્યટકો દારૂ પી ને જીવના જોખમે અને પોલીસ કાર્યવાહીથી બચવા કોળી પટેલ સમાજના હોલમાં તમામ સુવિધાઓ ઉભી કરી છે, ત્યાં જ રોકાવા આવે તેવી તેમણે પર્યટકોને અપીલ કરી છે.

દમણ : સંઘપ્રદેશ દમણના સાંસદ થર્ટી ફસ્ટની ઉજવણી કરવા આવનાર પ્રવાસીઓ માટે રહેવાની સગવડ ઉભી કરશે. દારૂ પીધેલી હાલતમાં બોર્ડર પર તૈનાત પોલીસની ઝપટે પ્રવાસીઓ ન ચઢી જાય તે અર્થે આ વ્યવસ્થા સાંસદ ઉભી કરશે. દર વર્ષે થર્ટી ફસ્ટના દિવસે દક્ષિણ ગુજરાતથી લઈને વડોદરા, અમદાવાર સહિત મહારાષ્ટ્રના મુંબઈ તથા આસપાસના વિસ્તારના લોકો ખાણી-પીણીની ઉજવણી કરવા અર્થે દમણ આવતા હોય છે. આ વર્ષે પણ પ્રવાસીઓના ધસારાને જોતા દમણની મોટાભાગની હોટલો, ગેસ્ટ હાઉસ, ફાર્મ હાઉસ તથા અન્ય રહેવાના સ્થળો બુક થઈ ગયા છે, પરંતુ જે લોકો થર્ટી ફસ્ટના દિવસે પરિવાર તથા મિત્રો સાથે ઉજવણી કરી પરત રાત્રે ઘરે જવા અર્થે નીકળતા હોય છે. ત્યારે

...અનુસંધાન પાના 9 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર



સાતમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

સ્મરણ કરીએ આપનું શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.
હંમેશા રહે આર્શીવાદ આપના,
પ્રભુને એ પ્રાર્થના કરીએ છીએ....

લિ. સ્વ. દયાગૌરી જગદીશચંદ્ર વખારીયા
પ્રદીપ જગદીશચંદ્ર વખારીયા | પદમીની પ્રદીપ વખારીયા
દિલીપ જગદીશચંદ્ર વખારીયા | વીણા દિલીપ વખારીયા
પ્રણવ પ્રદીપ વખારીયા | જીજ્ઞા પ્રણવ વખારીયા
શૈલી પ્રણવ વખારીયા
કીઆ પ્રણવ વખારીયા
તથા સમસ્ત વખારીયા પરિવાર

સ્વ. જગદીશચંદ્ર શાંતિલાલ વખારીયા
શ્રીજી ચરણ તા.૩૦.૧૨.૨૦૧૮

નવમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

આજે શ્રધ્ધાંજલિ આપતા આખો રડે છે. તમારો હસતો ચેહરો સતત અમારી આંખો સમક્ષથી ખસતો નથી. તમારો પ્રેમાળ અને નિખાલસ સ્વભાવ સદા જીવંત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.

લિ. જયંતિભાઈ છીમાભાઈ પટેલ(પિતા)
ગં.સ્વ.જયોત્સનાબેન હરીશભાઈ પટેલ(પત્ની)
નિલેશભાઈ જયંતિભાઈ પટેલ(ભાઈ)
વિનોદભાઈ જયંતિભાઈ પટેલ(ભાઈ)
અભિષેક હરીશભાઈ પટેલ(પુત્ર)
મહેક અભિષેક પટેલ(પુત્રવધૂ)
પ્રિન્સ હરીશભાઈ પટેલ(પુત્ર)
હેન્સી પ્રિન્સ પટેલ(પુત્રવધૂ)
યતિન મોહનભાઈ પટેલ(જમાઈ)
નેહાબેન યતિનભાઈ પટેલ(પુત્રી)
તથા સમસ્ત પરિવાર

સ્વ. હરીશભાઈ જયંતિભાઈ પટેલ
સ્વ. તા. ૩૦-૧૨-૨૦૧૬

અનાવિલ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **સ્વ. દિલીપભાઈ રૂદરજી દેસાઈ (રીટાયર્ડ પ્રોફેસર ફિઝીક્સ, બી.કે.એમ સાયન્સ કોલેજ, વલસાડ)** નું તા.૨૭.૧૨.૨૦૨૫ નાં શનિવારના રોજ મદનવાડ-વલસાડ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

:: સદ્‌ગતનું સંયુક્ત બેસણું ::

તા. ૦૪.૦૧.૨૦૨૬ રવિવાર નાં રોજ ઈચ્છાબા અનાવિલ વાડી, તિથલ રોડ, વલસાડ મૂકામે બપોરે ૩:૦૦ થી ૫:૦૦ દરમિયાન રાખવામાં આવેલ છે.

પોતપડિકા અને લૌકિક રિવાજ સદંતર બંધ છે.

સ્વ.દિલીપભાઈ રૂદરજી દેસાઈ
સ્વ. તા. ૨૭.૧૨.૨૦૨૫

લિ.
શૌનક દિલીપભાઈ દેસાઈ (પુત્ર)
છાયલ શૌનક દેસાઈ (પુત્રવધુ)
શીતલ બિમલ દેસાઈ (પુત્રી)
બિમલ હર્ષદભાઈ દેસાઈ (જમાઈ)
દક્ષ બિમલ દેસાઈ (દોહીત્ર)
ડો. કૈરવી શૌનક દેસાઈ (પૌત્રી)

શ્વસુર પક્ષ
અરવિંદભાઈ બાપુભાઈ દેસાઈ
રીટાબેન અરવિંદભાઈ દેસાઈ
અટક પારડી (સુરત)

નિવાસ્થાન : મદનવાડ-વલસાડ. મો.નં.: ૯૮૨૫૫ ૫૮૧૫૮



પગડી રશ્મ

સ્વ.વેન્સીલાલ ઈશ્વરલાલ હેમનાણી
સ્વ.તા.૨૯-૧૨-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઈશ્રી **વેન્સીલાલ ઈશ્વરલાલ હેમનાણીનું તા.૨૯-૧૨-૨૦૨૫**ને **સોમવાર**ના રોજ **દુઃખદ અવસાન** થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્‌ગતની પગડી રશ્મ તા.૩૦-૧૨-૨૦૨૫ને સાંજે ૫ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.
રાજેશ વેન્સીલાલ હેમનાણી (પુત્ર)
ઉમેશ વેન્સીલાલ હેમનાણી (પુત્ર)
વાસુદેવ ઈશ્વરલાલ હેમનાણી (ભાઈ)
પ્રવીણભાઈ ઇશ્વરલાલ હેમનાણી (ભાઈ)
જગદીશભાઈ ઇશ્વરલાલ હેમનાણી (ભાઈ)

નિવાસ સ્થાન : ૨૪૫, સર્વોદય નગર,વામદોત સ્કૂલ નજીક, બારડોલી

સત્ કેવલ સાહેબ

ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. ડાહીબેન નાનુભાઈ ઉમરીગર
સ્વ. તા. ૨૧/૧૨/૨૦૨૫ (ઉમરા, સુરત-૭)

નિત્ય અમારા મનમાં... નિરંતર અમારા હૃદયમાં...,
કિરણ બની સૂર્યપ્રકાશ છોડી ગયા, ઝરણું બની સાગરમાં સમાઈ ગયા,
ભુલી ના શકાય તેવી યાદોના સ્મરણ છોડી ગયા,
સર્વસ્વથી અધિક આપી સહજ રીતે સરી ગયા,
તમારૂ નિર્દોષ નિખાલસ જીવન અમોને સદૈવ યાદ રહેશે.
પ્રભુ તમારા નિર્મળ આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
હસમુખભાઈ રવજીભાઈ આહીર | હેમંતભાઈ ધીરુભાઈ દેસાઈ
નિલેશભાઈ હસમુખભાઈ આહીર | દિનેશભાઈ મગનભાઈ પટેલ
વિકાસભાઈ હસમુખભાઈ આહીર | જનકભાઈ શાંતિલાલ (હજીરા)

ક્ષત્રિય દુઃખદ અવસાન/બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે,
અમારા પિતાશ્રી
સ્વ. દિનેશચંદ્ર નંદસુખલાલ નવાબ
તા. ૨૯.૧૨.૨૦૨૫ ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય અત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના.

સદ્‌ગતનું **બેસણું**
તા. ૩૦.૧૨.૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે
"શ્યામકુંજ" અગ્રસેન ભવન, સીટીલાઈટ, સુરત. મુકામે રાખેલ છે.

સ્વ. દિનેશચંદ્ર નંદસુખલાલ નવાબ
સ્વ. તા. ૨૯.૧૨.૨૦૨૫
સોમવાર, પોશ સુદ નોમ

લિ.
ગં.સ્વ. મંજુલાબેન દિનેશચંદ્ર નવાબ
સ્વ. ચંદ્રકાન્ત નંદસુખલાલ નવાબ | સ્વ. પરમાનંદ નંદસુખલાલ નવાબ
મનહરલાલ નંદસુખલાલ નવાબ | મહેશચંદ્ર નંદસુખલાલ નવાબ
નીતિન દિનેશચંદ્ર નવાબ | ધર્મિષ્ઠા નીતિન નવાબ
દર્શન નીતિન નવાબ | નમ્રતા દર્શન નવાબ
સમસ્ત નવાબ પરિવાર